# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જુદી જુદી જગ્યાઓ માટે સીધી ભરતીથી અને સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરતી કરવામા આવે છે અને આ માટે ઉમેદવારો ઓનલાઇન પધ્ધતિથી અરજી કરે છે. આયોગ દ્વારા અપાતી જાહેરાતોના સંદર્ભમા જે ઉમેદવારોએ અરજી કરેલ હોય તે ઉમેદવારો પાસેથી અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રો સાથે મંગાવવામા આવે છે. ઉમેદવારો દ્વારા આ પ્રમાણે મોકલી આપવામા આવતા અરજીપત્રકો તથા પ્રમાણપત્રો અધુરાશવાળા અને અપુર્ણ હોય છે પરિણામે આવા ઉમેદવાર પાસેથી આયોગ દ્વારા ખૂટતા પ્રમાણપત્રો પત્રથી પુનઃ મંગાવવામાં આવે છે જેના કારણે ભરતી પ્રક્રીયા વિલંબિત થાય છે. આથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ખૂટતા પ્રમાણપત્રો મંગાવવાની આ પધ્ધતિમાં પુનઃ વિચારણા કરી એમ નિર્ણય લીધેલ છે કે જ્યારે આયોગ દ્વારા ઉમેદવારો પાસેથી અરજીપત્રકો જરૂરી પ્રમાણપત્રો સહીત મંગાવવામા આવે ત્યારે નીચે મુજબના ક્રમાનુસાર જાહેરાતની જોગાવાઇઓ મુજબ લાગુ પડતા તમામ પ્રમાણપત્રો આયોગ દ્વારા નિયત કરવામા આવેલ તારીખ સુધીમા મળી જાય તે મુજબ ઉમેદવારોએ અવશ્ય મોકલી આપવાના રહેશે, આ તારીખ બાદ મળેલ પ્રમાણપત્ર કે અધુરી વિગતો/પ્રમાણપત્રો સાથે મળેલ અરજી રદ કરવામા આવશે. આ બાબતની નોંધ રાજ્યના તમામ ઉમેદવારોને ધ્યાને લેવા જણાવવામા આવે છે.

(૧) અરજીપત્રક

(૨) જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. નુ પ્રમાણપત્ર ( જન્મનો દાખલો કે શાળા છોડ્યાનુ પ્રમાણ પત્ર માન્ય ગણાશે નહી)

(૩) જાતિનુ પ્રમાણપત્ર

(૪) સામાજિક અને શૈક્ષણિક પછાત જ્ઞાતિના કિસ્સામા પરિશિષ્ટ-ક (જાહેરાતમા દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનુ ગુજરાતી નમૂના મુજબનુ પરિશિષ્ટ- ક રજુ કરવાનુ રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામા આવશે નહી. અંગ્રેજીમા **Annexure-A** ( જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે જે માન્ય રાખવામા આવશે નહી.)

(૫) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(૬) સ્નાતક ગુણપત્રક ( માર્કશીટ)

(૭) ઇન્ટર્નશીપ /નોંધણી પ્રમાણપત્ર ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

(૮) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

(૯) અનુસ્નાતક ગુણપત્રક ( માર્કશીટ) ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

(૧૦) નોંધણી પ્રમાણપત્ર ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

(૧૧) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ )

(૧૨) ડોકટરેટની પદવી ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

(૧૩) સંશોધનપત્રો ( જો જાહેરાતની જોગવાઇ મુજબ જરૂરી હોય તો )

( જે.એચ.ત્રિવેદી )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ